EDII

Sandesh (Citylife)

February 07, 2020
Page No.01



### તાલીમાર્થી લાભાર્થીઓ દ્વારા આશરે ૨૧,૯૦૦ ઉદ્યોગસાહસોની સ્થાપના થઈ

# EDII દ્વારા "સ્કિલ્સ ટુ સક્સીડ ૨૦૨૦" અંતર્ગત ૩૨,૯૦૦થી વધારે લોકોને તાલીમ અપાઈ



ઉદ્યોગસાહસિકતાનાં શિક્ષણ, સંશોધન, તાલીમ અને સંસ્થા નિર્માણ માટે આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયાએ એક્સેન્ચર દ્વારા સ્કિલ્સ ટુ સક્સીડ ૨૦૨૦ અંતર્ગત માઈક્રો સ્કિલપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામના ભાગરૂપે છેલ્લા પાંચ વર્ષમાં ૩૨,૯૦૦થી વધારે લાભાર્થીઓને તાલીમ આપી છે. સંસ્થાએ આ પ્રોગ્રામ વંચિત સમુદાયો વચ્ચે વ્યવહારિક ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા ડિઝાઈન કરેલો અને તેને સાકાર કરેલો છે. આ પ્રોગ્રામ અંતર્ગત તાલીમાર્થી લાભાર્થીઓ દ્વારા આશરે ૨૧,૯૦૦ ઉદ્યોગસાહસોની સ્થાપના થઈ હતી. આ તાલીમ તામિલનાડુ, કેરળ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગોવા, ઉત્તરાખંડ, અસમ અને પોંડિચેરીમાં વર્ષ ૨૦૧૫-૧૬ થી વર્ષ ૨૦૧૯-૨૦ વચ્ચે આપવામાં આવી હતી. ઈડીઆઈના પ્રોફેસર અને હેડ- સધર્ન રિજન ડૉ. રમન ગુજરાલે કહ્યું કે, એમએસડીપીએ એક મહિનાનો તાલીમ પ્રોગ્રામ તરીકે નક્કી કરવામાં આવ્યો છે. જેમાં સહભાગીઓએ ઔદ્યોગિક સાહસિકતા પર અને આર્થિક વ્યહારિક્તા પર આધારિત કુશળતાની તાલીમ આપવામાં આવે છે. એમએસપીડીએ ઉદ્યોગસાહસો દ્વારા આશરે ૬૦,૦૦૦ સ્થાનિક લોકોને સીધી રોજગારીનું સર્જન કર્યું છે.

**સ્કિલ્સ ટુ સક્સીડ પ્રોગ્રામ અંતર્ગત તાલીમાર્થી લાભાર્થીઓ દ્વારા આશરે ૨૧,૯૦૦ ઉદ્યોગસાહસોની સ્થાપના થઇ હતી**